# ભારતીય જનતા યુવા મોરચો

## સુરત મહાનગર

**‘‘પંડિત દીનદયાળ ભવન’’, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.**

પ્રતિ, તા. ૨૧/૦૫/૨૦૧૮

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**
કાર્યાલય મંત્રી,
ભાજપ–સુરત મહાનગર

- **‘‘સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન’’ અંતર્ગત જન જાગૃતિ અર્થે ‘બાઈક રેલી’ યોજાઈ.**
- **વિશાળ બાઈક રેલીમાં ભારતીય જનતા યુવા મોરચાના હજ્જારો કાર્યકર્તાઓ જોડાયા.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર યુવા મોરચાના અધ્યક્ષ શ્રી મહેન્દ્ર દેસાઈ તથા મહામંત્રીઓ શ્રી મોનિલ ઠાકર અને શ્રી પંકજ તિવારી એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

વિકાસ પુરૂષ અને અખંડ ભારતના દીર્ઘદ્રષ્ટા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ રાજ્યના કર્તવ્યનિષ્ઠ મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીજીની આગેવાનીમાં સમગ્ર રાજ્યમાં ‘‘સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન’’ ચાલી રહ્યું છે. આ અભિયાન થકી રાજ્યભરના ૮૦૦૦ થી વધુ તળાવો, ચેક ડેમો ઉંડા કરવાનું કામ તીવ્ર ગતિએ ચાલી રહ્યું છે. આ જળ સંચય થકી આગામી ચોમાસામાં દરીયામાં વહી જતા પાણીને બચાવી

શકાશે. પીવા અને સિંચાઈ માટે વધુ પાણી ઉપલબ્ધ બનશે તથા ભૂગર્ભ જળના તળ ઊંચા આવશે, જેનો લાભ રાજ્યના કરોડો નાગરીકો–ખેડૂતોને મળશે.

"સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન" અંતર્ગત આજરોજ ભારતીય જનતા યુવા મોરચા દ્વારા જન જાગૃતિ અર્થે ઉધના અને મજુરા વિધાનસભાની સંયુક્ત બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૫:૦૦ કલાકેથી પિયુષ પોઈન્ટ, પાંડેસરાથી પ્રસ્થાન થયેલી બાઈક રેલી સીટીલાઈટ સ્થિત ૧૬૫–મજુરા વિધાનાસભાના ધારાસભ્ય અને યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રી હર્ષભાઈ સંઘવીના કાર્યાલય ખાતે સંપન્ન થઈ હતી. રેલીમાં ઉપસ્થિત રહેલા હજ્જારો યુવા કાર્યકર્તાઓએ જળ સંચય અભિયાનના બેનરો થકી જન જાગૃતિ માટે પ્રચાર કર્યો હતો.

આ રેલીમાં સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, સુરત શહેર મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા અને શ્રી કિશોરભાઈ બિંદલ, સાંસદ શ્રી સી.આર. પાટીલ, ૧૬૫–મજુરા વિધાનાસભાના ધારાસભ્ય અને યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રી હર્ષભાઈ સંઘવી, ૧૬૪–ઉધના વિધાનસભાના ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, સુરત શહેર હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ / મહામંત્રીશ્રીઓ, સુરત શહેર યુવા મોરચાના અધ્યક્ષ શ્રી મહેન્દ્ર દેસાઈ તથા મહામંત્રીઓ શ્રી મોનિલ ઠાકર અને શ્રી પંકજ તિવારી, યુવા મોરચાના હોદ્દેદારો સહિત યુવા મોરચાના અને મહિલા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# ભારતીય જનતા યુવા મોરચો

## સુરત મહાનગર

**"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.**




